# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 5101-1 તારીખ : 31-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
યુનીક ફોસેટ કંપની
સર્વે નં - ૨૧૫/૩, રાજકોટ-મોરબી હાઈવે, ,
મું. પો. : છતર , તા. : ટંકારા , જી. : મોરબી ,
પીન કોડ. : ૩૬૩૬૫૦
મોબાઈલ : ૯૦૩૩૦૬૫૧૯૦

વિષય : એપ્રિલ-૧૯ નું બીલ સુધારવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૨-૦૬-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૭/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા. વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ટંકારા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/ક્વા-૧/૧૯-૨૦/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૭/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: યુનીક ફોસેટ કંપની ગામ: છતર

રજૂઆત કરનાર: અરજદાર યુનીક ફોસેટ કંપનીના પ્રતિનિધિ તરીકે અશ્વિનભાઈ રાઘવજીભાઈ જીવાણી તથા વી.વી.પટેલ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર પીજીવીસીએલ – વિભાગીય કચેરી - મોરબી

રજૂઆત કરનાર: પી. પી. બાવરવા - કાર્યપાલક ઇજનેર વિભાગીય કચેરી – મોરબી
આર.પી.ભટ્ટ – નાયબ ઇજનેર વિભાગીય કચેરી– મોરબી
આર.જી.સોજીત્રા- નાયબ ઇજનેર પેટા વિભાગીય કચેરી– ટંકારા

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., શહેર વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: ૧૬-૦૭-૨૦૧૯ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૬-૦૭-૨૦૧૯ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ ત્યારે હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર યુનીક ફોસેટ કંપની ગામ -છતર, તેઓની અરજીના નોંધણી નં: ૫૭/ક્વા-૧/૧૯-૨૦, માં જણાવે છે કે, મોરબી જીલ્લા ના ટંકારા તાલુકામા છતર ગામે,અમારૂ એલ..ટી. કનેકશન આવેલ છે. જેનો ગ્રાહક નં- ૩૪૬૦૬/૦૦૫૯૬/૩, અને ૧૦૦ KW , ની ડીમાન્ડ છે, અમારા UNIQUE Faucet co, L.T. કનેકશન નું એપ્રિલ 19, બીલ અમોને તા,18,04.2019, ના રોજ મળેલ બિલ માં રૂ; ૧૨૪૦૩૨૫.૫ પાછલા બાકી લખેલ જે બાબત ટંકારા જી.ઇ.બી. કચેરી તપાસ કરતાં જણાવેલ કે મીટર તા. ૧૩.૧૦.૨૦૧૮. ના રોજ બદલાવેલ અને તા; ૧૩.૦૨.૨૦૧૯. ના રોજ લેબોરેટરી ટેસ્ટ કરતાં ૪૮.૯૯ % ધીમું ફરતું માલૂમ પડેલ તેથી અમોને જુલાઈ ૨૦૧૭ થી ઓકટોમ્બર ૨૦૧૮, એટલે કે ૧૬, માસનું ૪૮.૯૯ % મીટર ધીમું ફરતું હોવાનું બીલ રૂ; ૧૨૪૦૩૨૫.૫ પાછલા બાકી લખેલ છે, અમે ટંકારા કચેરી/મોરબી ડીવીસન/મોરબી સર્કલ કચેરીએ પત્ર લખેલ અને રૂબરૂ બીલ સુધારવા વિનંતી કરેલ, પરંતુ બીલ સુધરેલ નથી, જે અમોને અન્યાય કરતાં છે જે સુધારવા માટે નીચે મુજબ મુદા લક્ષ્ય માં લઈ અમારૂં બીલ

સુધરેલ નથી, જે અમોને અન્યાય કરતાં છે જે સુધારવા માટે નીચે મુજબ મુદા લક્ષ્ય માં લઈ અમારૂં બીલ બાબત ન્યાય આપવા વિનંતી. હાલ અમો ચાલુ મહિનાનું રેગ્યુલર બીલ ભરીએ છીએ.

(૧) અમોએ ઉપરોક્ત પત્ર વ્યવહાર કર્યો અને તેના જવાબ પણ મળેલ છે, પરંતુ બિલ રૂ; ૧૨૪૦૩૨૫.૫ નું મળેલ તે ક્યાં નિયમ મુજબ આપેલ છે, તે બાબત પત્ર કે લેબોરેટરી રોજકામ માં જણાવેલ નથી. ટંકારા સબ ડીવીઝન પત્ર નં; SDO/TKR/ESTA/2660 dated.03.06.2019 માં પારા નં (૫) માં જણાવે છે કે વિભાગીય કચેરી, મોરબીના લેબ રિપોર્ટ મુજબ મીટર ક્ષતિગ્રસ્ત જાહેર કરેલ નથી, જો આ બાબત યોગ્ય હોય તો સદરહુ વિવાદગ્રસ્ત મીટર અમારે ત્યાં ફિટ કરી આપવા હુકમ કરવા વિનંતી. અમો પણ એમ જ કહીએ છીએ કે અમારૂં મીટર બરાબર જ છે, જેથી ઉપરોક્ત બિલ રદબાતલ કરવા હુકમ કરશોજી.

(૨) મીટર સ્થળ પરથી તા; ૩૦.૦૬.૨૦૧૭ ના રોજ ઉતર્યું ત્યારે ચેકિંગ શીટમાં કોઈ પ્રકારની ગડબડી હોય તેવો ઉલ્લેખ નથી, પેટી કેબલ સાથે મીટર ઉતારેલ છે, તો અમારા કારખાનેથી ટંકારા કચેરીએ કે ટંકારા કચેરીએ થી મોરબી લેબોરેટરીમાં લઈ ગયાં તે વખતે વૉલ્ટેજનો બી, ફેસનો મીટરની અંદરની સર્કિટ માથી છેડો છૂટો પડી ગયેલ હોય, તો પીજીવીસીએલ એ ક્યાં GERC Notification, Clause No; મુજબ અમોને ૧૬, માસનું ૪૮.૯૯ % મીટર ધીમું ફરતું હોવાનું બીલ તે અમોને પત્રો લખવા, છતાં જણાવેલ નથી, અમોને અન્યાય કરેલ છે , તો ન્યાય આપવા વિનંતી.

(3) અમારા મીટરનું લેબ. રોજકામમાં પણ લખેલ છે કે મીટર ટર્મિનલ બ્લોક માં ત્રણેય ફેસ માં વૉલ્ટેજ બરાબર બતાવે છે, અને C.T. કોઈલનું કનેકસન બરાબર છે, તેમજ જણાવે છે કે CT, PT , નું વાયરિંગ બરાબર છે તો તેનો અર્થ એવો થાય કે વાયરિંગ બરાબર OK હોય અને અક્યુચેક માં ૪૮.૯૯ % ધીમું બતાવે તો મીટરની ઇન્ટરનલ સર્કિટ ખરાબ થઈ હોય તો અમારો કોઈ ગુનો બનતો નથી, એટલે કે મીટર ફોલ્ટી છે, ( જો મીટર ફોલ્ટી ન હોય તો બહારથી એટલે કે કેબલના ટેપિંગ થી ,બી, ફેસ, અથવા ટર્મિનલ બ્લોક થી વૉલ્ટેજ એક ફેસ ને મીટરને ન મલે , તો ફકત 33% થી વધારે સ્લો મીટર એક્યુચેક થી ટેસ્ટ કરતાં આવે નહીં. જેથી મીટર ફોલ્ટી છે, તેવુ સાબિત થઈ શકે અને ટેરિફ ઓર્ડર, & As per GERC Notification No 4 of 2015, Clause No;6.33 મુજબ જ્યારે F , ફોલટી મીટર હોય તો વધુમાં વધુ છ (૬) માસથી એવરેજ બીલ આપી શકાય. તો મીટર F થયું તે પહેલાના ૬ (છ ) અથવા મીટર બદલ્યા પછીના વધુમાં વધુ છ (૬) માસના એવરેજ બીલ અપાવવા અથવા આપને જે યોગ્ય લાગે તેવો હુકમ કરવા વિનંતિ.

(૪ ) અમારા પ્રતિનિધિ મોરબી લેબમાં આવેલ અને જણાવેલ કે મીટર ૪૮.૯૯ % ધીમું ફરે છે, B ફેસમાં મીટર ડિસ્પ્લેમાં વૉલ્ટેજ બતાવતા નથી, અમારૂં માનવું એવું છે કે ફક્ત ડિસ્પ્લે માં વૉલ્ટેજ બતાવતા નથી, પરંતુ જે યુનિટ ફરે છે તે વિભાગ સુધી મીટરની સર્કિટ ને વૉલ્ટેજ મળે છે જે અમારા પ્રોડકસન/વેચલ બિલ મુજબ યુનિટ, મીટર બદલ્યા પહેલા અને પછીના બરાબર છે. જ્યારે અમારા જેવોજ લેબોરેટરી રિપોર્ટ જુનાગઢ લેબોરેટરી નો છે તેમાં B ફેસ વૉલ્ટેજ મળતા નથી અને તેમાં મીટર ધીમા ના 33 % લખેલ છે. જેના કેસ નં પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/ ફવા-03/૧૬-૧૭/૨૧૨૬,તા;૧૪.૦૩.૨૦૧૭. તેમજ આવોજ કેશ CGRF ભુજ નો છે જેના કેસ નં KC/CGRF/HUKAM/449, dated ;30.11.2017 (Welspan India Limited નો છે અને તેમાં આપેલ 6 માહિનાનું 63.69 % slow નું બિલ રદબાતલ નો હુકમ કરેલ છે. ઉપરોકત રેફ નં. (૬) અને (૭) ની નકલ આ સાથે જોડેલ છે. As per GERC Notification No 4 of 2015, Clause No;6.33 incase of faulty meter, rectification for a maximum period of six months or from date of last checking, whichever is shorter, on the basis of the test report, shall be adjusted in the subsequent bill.

(૫) Billing in case of defective/stuck/stopped/burnt meter.

As per GERC Notification No 4 of 2015, Clause No;6.58 . in case of defective/stuck/stopped/burnt meter, the consumer shall be billed on the basis of average consumption of the past three billing cycles immediately preceding the date of the meter be found/reported defective. in case sufficient data are not available than average consumption during two/three billing cycles of succeeding period may be considered. These charges shall be livable a maximum period of three billing cycles only.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Provided that any evidence provided by consumer about condition of working and/or occupancy the concerned premises during the said period(s), which might have had a bearing on energy consumption, may be considered by the licensee.

(૬) નામદાર GERC ની માર્ગદર્શિકા અન્વયે ના ધારાધોરણ ને આનુષંગીક રહ, ખાસ કરીને ઉદ્યોગીક/વાણિજ્ય પ્રકારના ગ્રાહકોના સ્થાપન પર રહેલ થ્રી ફેઝ મીટરની ચકાસણી, વિજવીતરણ કંપની તરફથી નિયમિતપણે, પ્રત્યેક ૦૬ માસ ના સમયગાળા માં કરવાની બાબતનું

ધોરણ છે. પરંતુ GERC ની સદર માર્ગદર્શિકા અન્વયે ના પીજીવીસીએલ ના નિયમ મુજબ, અમારા સ્થાપન પરનું સવાલવાળુ મીટર પીજીવીસીએલ તરફથી ધીમું ફરતું જાહેર કરેલ છે, (તે મીટર) જે અગાઉ સ્થાપન પર તા;૧૨.૦૮.૨૦૧૬, થી લગાડવામાં આવેલ એવા સદર મીટરની ચકાસણી, જે તા,૧૨.૦૮.૨૦૧૬, પછી ના, પ્રત્યેક ૦૬ માસ દરમ્યાન કરવાને બદલે, દીર્ઘકાલીન વર્ષોના સમયગાળા બાદ જ, અમારા સ્થાપન પર સવાલવાળા જૂના મીટરની ચકાસણી કરવામાં આવેલ છે. સદર અમારૂં મીટર જે MRI. અહેવાલ માં જણાયેલ રેકર્ડ આધારિત બાબતો અન્વયે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય–ક્ષતિગ્રસ્ત મીટરના સમયગાળા દરમ્યાન–પીજીવીસીએલ માં પ્રવર્તમાન એવા નામદાર GERC ના ધારાધોરણ–એટલેકે નોટીફીકેશન નંબર; ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ (ક્ષતિગ્રસ્ત મીટર) માં કરાયેલ જોગવાઈ મુજબ, સવાલવાળુ મીટર ઉતાર્યા તારીખ;૩૦.૦૬.૨૦૧૭ પહેલાના વધુમાં વધુ- ૦૩ બીલો, જે જોડાણમા સ્થપાયેલ, ઉચ્ચતમ વિજવપરાશી યુનિટ ના ધોરણે, સરેરાશ યુનિટ મુજબ આપવાની, પીજીવીસીએલ ના નિયમાધીન જોગવાઈ છે.

(૭) આપની જાણ માટે,વિવાદિત મીટર બદલાવ્યા પછી અને તે પહેલા મંથલી યુનિટ વપરાશ અને GST sales નું સરકારી રેકોર્ડ પણ આ સાથે જોડેલ છે, તેના ઉપરથી પણ જાની શકાય કે GST sales ના પ્રમાણે % વપરાશ યુનિટ નો સરખોજ છે , જેથી પુરવણી બીલ ૪૮.૯૯ % નું રદબાતલ પાત્ર છે. અને ડી.પી.સી.ન લેવા યોગ્ય ન્યાય અપશોજી. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, મોરબી જીલ્લાના, ટંકારા તાલુકાના, છતર ગામે M/s. યુનીક ફ્રોસેટ કંપની ના નામનું, ગ્રાહક નંબર :- ૩૪૬૦૬/૦૦૫૯૬/૩ થી ૧૦૦ કી.વો.નુ, થ્રી-ફેઈઝ ઔદ્યોગીક વીજ-જોડાણ ધરાવે છે. સદર કનેક્શન માં ગ્રાહક અરજી ના અનુસંધાને તારીખ ૦૫/૧૦/૨૦૧૮ ની કેબલ બળી જવાની ટેલીફોનીક કમ્પ્લેનના આધારે તારીખ ૧૩/૧૦/૨૦૧૮ ના રોજ મીટર તથા સર્વીસ કેબલ બદલાવેલ અને તેમના વીજ મીટરની વધુ લેબ ચકાસણી અર્થે ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં તેમની સહીવાળું પેપરસિલ મીટર પેટી ઉપર લગાડેલ. સદર તારીખ ૧૩/૦૨/૨૦૧૯ ના રોજ વીજ મીટરની લેબ ચકાસણી પ્રતિનિધિની હાજરીમાં લેબોરેટરી વિભાગ, વિભાગીય કચેરી, મોરબી ખાતે કરેલ, જેમાં તેમનું મીટર લેબ રિપોર્ટ મુજબ જુલાઈ-૨૦૧૭ થી ઓક્ટોબર-૨૦૧૮ માસ દરમિયાન ૪૮.૯૯% ધીમું ફરતું માલુમ પડેલ. જે અનુસંધાને અત્રેની કચેરી દ્વારા લેબ રિપોર્ટના અનુસંધાને આં સમયગાળા માટેનું રૂપિયા ૧૨,૪૦,૩૨૫.૫૦/- નુ વીજ બીલ તારીખ ૨૬/૦૩/૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ છે.

3.૧ સદર ગ્રાહક શ્રી ની તારીખ.૦૬.૦૫.૨૦૧૯ ની અરજી ના પારા નંબર (૩) માં જણાવેલ કે મીટર ક્ષતિગ્રસ્ત હોય તો મીટર ક્ષતિગ્રસ્ત થયા પહેલાના ૬ માસ ના સમય ગાળા નું એવરેજ બીલ આપી શકાય.પરંતુ આ કેઈસ માં મોરબી વિભાગીય કચેરી, લેબોરેટરી વિભાગ ના લેબ પરીક્ષણ રીપોર્ટ મુજબ મીટર તારીખ.૩૦.૦૬.૨૦૧૭ થી ૪૮.૯૯ % ધીમું ફરે છે.તેવું મીટર ના MRI ડેટા માં ફલીત થયેલ હોવાથી પી.જી.વી.સી.એલ કંપની ના નિયમાનુસાર તારીખ.૩૦.૦૬.૨૦૧૭ થી ૪૮.૯૯ % લેખે અત્રે ની કચેરી દ્વારા સ્લોનેસ નું બીલ આપેલ છે.

3.૨ સદર મીટર તા: ૧૩.૧૦.૨૦૧૮ ના રોજ સ્થળ ઉપર થી ગ્રાહક શ્રી ના પ્રતિનિધિ ની હાજરી માં ઉતારેલ છે.જે સમય ની ચેકિંગશીટ નંબર- MRC-20076 ને તારીખ:૧૩.૧૦.૨૦૧૮ મુજબ મીટર ના B – ફેઈઝ ના વોલ્ટેજ ૦૦ (ઝીરો) બતાવે છે.જેથી મીટર સ્થળ ઉપર થી ટંકારા કચેરી તેમજ ટંકારા કચેરીએ થી મોરબી વિભાગીય કચેરી લેબોરેટરીમાં લઇ જતી વખતે B ફેઈઝ નો છેડો મીટર ની અંદર ની સર્કિટમાંથી છૂટો પડી જવાનો સવાલ રહેતો નથી. લેબોરેટરીના લેબ પરીક્ષણ રીપોર્ટ તેમેજ MRI ડેટા મુજબ મીટર તારીખ: ૩૦.૦૬.૨૦૧૭ થી ૪૮.૯૯ % ધીરૂ ફરે છે.તેવું ફલીત થયેલ હોવાથી આ કિસ્સામાં મીટર ફોલ્ટી નું બીલ આપી શકાય નહિ.

લેબોરેટરી વિભાગ દ્વારા મીટર ગ્રાહક શ્રી ના પ્રતિનિધિ ની હાજરીમાં પરીક્ષણ કરેલ છે.જેમાં મીટર ના B – ફેઇઝ માં ડીસ્પ્લેમાં વોલ્ટેજ બતાવતું નથી.તેવું જણાવેલ ત્યારબાદ સદર મીટર ને ટેસ્ટીંગ બેંચ ઉપર લગાડી મીટર નો MRI ડેટા લેતા સદર મીટર નો MRI રીપોર્ટ મુજબ મીટર તારીખ: ૩૦.૦૬.૨૦૧૭ થી ૪૮.૯૯ % ધીમું ફરે છે.તેવું ફલીત થતા તે પણ જણાવેલ છે. તેમજ ગ્રાહક શ્રી ના જણાવ્યા મુજબ લેબોરેટરી વિભાગ જુનાગઢ તેમજ ભુજ ના સ્લોવનેસ કેઈસ માં CGRF

લેબોરેટરી વિભાગ જુનાગઢ તેમજ ભુજ ના સ્લોવનેસ કેઈસ માં CGRF દ્વારા સ્લોવનેસ નું બીલ રદબાતલ કરેલ જે સબ જણાવવાનું કે કેઈસ ટુ કેઈસ મીટર ક્ષતિ અલગ-અલગ હોઈ શકે.

૩.૫ ગ્રાહક શ્રી ના વીજ મીટર નો લેબ પરીક્ષણ રીપોર્ટ તેમજ MRI રીપોર્ટ માં સ્પષ્ટ પણે મીટર તારીખ: 30.0૬.૨૦૧૭ થી ૪૮.૯૯ % ધીમું ફરે છે.તેવું ફલીત થયેલ હોવાથી GERC NOTIFICATION NO:4 AT 2015,CLOUSE NO:6.58 કારણ કે વીજ ચોરી ના કેશ માં પણ GERC NOTIFICATION NO : 4 AT 2015 CLOUSE NO : 7.7 ના મુદા નંબર:૪ મુજબ જ્યારે MRI ડેટા આવેલ હોય તો તેવા કિસ્સામાં MRI ડેટા ના રેકર્ડ મુજબ વીજબીલ આપવું તો સદર કેઈસ વીજચોરી અંગેનો નથી.પરંતુ મીટર નો MRI ડેટા ઉપલબ્ધ હોવાથી મીટર ફોલ્ટી ના બીલ ને બદલે MRI ડેટા મુજબ સ્લોવનેસ નું બીલ આપેલ છે.

૩.૬ સદર ગ્રાહક શ્રી નું સવાલ વાળું વીજ મીટર સ્થળ ઉપર તારીખ: ૧૨.૦૮.૨૦૧૬ થી લગાડેલ હોય. પરંતુ વીજ વિતરણ કંપની તરફથી નિયમિતપણે પ્રત્યેક ૦૬ માસ ના સમય ગાળા માં મીટર ની સ્થળ ઉપર ચકાસણી થયેલ નથી.પરંતુ સવાલવાવાળું વીજ મીટર સ્થળ ઉપર થી તા.૧૩.૧૦.૨૦૧૮ ના રોજ ઉતારેલ જેનું લેબ પરીક્ષણ તારીખ.૧૩.૦૨.૨૦૧૯ ના રોજ કરેલ છે.જેમાં MRI ડેટા માં સ્પષ્ટપણે મીટર તારીખ:30.0૬.૨૦૧૭ થી ધીમું ફરે છે.તેવું ફલીત થયેલ હોય જેથી સવાલ વાળા મીટર ઉતાર્યાની તારીખ પહેલા ના વધુ માં વધુ -03 બીલો નું આપી શકાય નહિ.

૩.૭ સદર આ મુદાના જવાબ માં જણાવવાનું કે વિવાદિત મીટર બદલ્યા પહેલાનું તેમજ પછી ના મંથલી યુનિટ વપરાશ તેમજ એમ.ડી માં અત્રે ની કચેરી ના રેકર્ડ મુજબ ફેરફાર જોવા મળેલ છે.જેથી ઔધોગિક યુનિટ ના GST SALES ના રેકર્ડ સાથે સરખાવી શકાય નહિ.તેમજ આ અંગે નું ૪૮.૯૯ % નું સ્લોવનેસ નું પુરવણી બિલ તેમજ તે રકમ ઉપર નો ડી.પી.સી કંપનીના નિયમાનુસાર યોગ્ય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ મોરબી જીલ્લાના, ટંકારા તાલુકાના, છતર ગામે M/s. યુનીક ફોસેટ કંપની ના નામનું, ગ્રાહક નંબર :- ૩૪૬૦૬/૦૦૫૯૬/3 થી ૧૦૦ કી.વો.નુ, થ્રી-ફેઈઝ ઔદ્યોગીક વીજ-જોડાણ ધરાવે છે. સદર કનેક્શન માં ગ્રાહક અરજી ના અનુસંધાને તારીખ ૦૫/૧૦/૨૦૧૮ ની કેબલ બળી જવાની ટેલીફોનીક કમ્પ્લેનના આધારે તારીખ ૧૩/૧૦/૨૦૧૮ ના રોજ ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં મીટર તથા સર્વીસ કેબલ બદલાવેલ જેની વિગત પર્ફોર્મા નં -૧૫ પ્રમાણે નીચે મુજબ છે. વીજ મીટરની વધુ લેબ ચકાસણી અર્થે અરજદાર ને તારીખ-૧૩/૦૨/૨૦૧૯ ના રોજ હાજર રહેવા ની નોટીસ પાઠવેલ છે.

| Particulars | Old Meter Dt.13.10.18 | New Meter Dt. 13.10.18 | Old Meter-As per MTLab Dt.13.D2.19 |
|---|---|---|---|
| Make | SECURE | GENUS | SECURE |
| Meter No | PG123387 | PG188739 | PG123387 |
| Capacity | 200/5 | 200/5 | 200/5 |
| C. Reading | KWH 389286, KVARH 188179, KW 51.2 VR-192.6V, VY-192.4V,VB-0.2V | 5 | 389286 |
| REMARKS | ચેકીંગ શીટ તા.૧૩–૧૦–૧૮ મુજબ જોડેલ કુલ વીજભાર ૫૪ કીવો બતાવેલ છે. | | VB-0.0V, Slow 48.993% |

ઉપરોક્ત સવાલવાળા વીજ મીટરને તારીખ-૧૩/૦૨/૨૦૧૯ ના રોજ મીટરની લેબ ચકાસણી ગ્રાહકના અને મીટર ટેસ્ટ લેતા મીટર – ૪૮.૯૯૩ % ઓછી એનર્જી રેકોર્ડ કરે છે. સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – ઈવેન્ટ રીપોર્ટ માં તા.૩૦–૦૬–૧૭ થી સદર મીટર ઓછી એનર્જી રેકોર્ડ કરતુ જણાયેલ છે. જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા લેબ રિપોર્ટના અનુસંધાને સદર સમયગાળા માટેનું રૂપિયા ૧૨,૪૦,૩૨૫.૫૦/- નુ વીજ બીલ તારીખ ૨૬/૦૩/૨૦૧૯ ના રોજ નીચે મુજબ આપવામાં આવેલ છે.

| MONTH | Present | Past | CONS. | ACTUAL CONS. | SLOWNESS CONS. | EC | FCA | ED 10% | TOTAL Rs. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| JULY.2017 | 196895 | 183025 | 13870 | 27191 | 13321 | 61275.44 | 23178.10 | 0.00 | 84453.54 |
| AUG 2017 | 206747 | 196895 | 9852 | 19314 | 9462 | 43524.56 | 16179.78 | 0.00 | 59704.34 |
| SEP 2017 | 220464 | 206747 | 13717 | 26891 | 13174 | 60599.51 | 22527.21 | 0.00 | 83126.71 |
| OCT 2017 | 231974 | 220464 | 11510 | 22564 | 11054 | 50849.33 | 18902.69 | 0.00 | 69752.02 |
| NOV 2017 | 243004 | 231974 | 11030 | 21623 | 10593 | 48728.77 | 18114.39 | 0.00 | 66843.16 |
| DEC.2017 | 255652 | 243004 | 12648 | 24795 | 12147 | 55876.84 | 20771.61 | 0.00 | 76648.44 |
| JAN.2018 | 269812 | 255652 | 14160 | 27759 | 13599 | 62556.61 | 22710.77 | 0.00 | 85267.38 |
| FEB.2018 | 285439 | 269812 | 15627 | 30635 | 15008 | 69037.58 | 24463.32 | 0.00 | 93500.90 |
| MAR.2018 | 298728 | 285439 | 13289 | 26052 | 12763 | 58708.67 | 20803.29 | 0.00 | 79511.96 |
| APRIL.2018 | 313228 | 298728 | 14500 | 28426 | 13926 | 64058.67 | 22699.05 | 0.00 | 86757.73 |
| MAY.2018 | 324518 | 313228 | 11290 | 22133 | 10843 | 49877.41 | 17673.95 | 0.00 | 67551.36 |
| JUNE.2018 | 339863 | 324518 | 15345 | 30082 | 14737 | 67791.75 | 24021.86 | 0.00 | 91813.61 |
| JULY.2018 | 353998 | 339863 | 14135 | 27710 | 13575 | 62446.16 | 21991.91 | 0.00 | 84438.07 |
| AUG.2018 | 369177 | 353998 | 15179 | 29757 | 14578 | 67058.39 | 23470.44 | 0.00 | 90528.82 |
| SEP 2018 | 380676 | 369177 | 11499 | 22543 | 11044 | 50800.74 | 17780.26 | 0.00 | 68581.00 |
| OCT 2018 | 389286 | 380676 | 8610 | 16879 | 8269 | 38037.60 | 13809.30 | 0.00 | 51846.90 |
| **TOTAL** | | | **206261** | **404354** | **198093** | **911227.80** | **329097.92** | **0.00** | **1240325.94** |

ઉપરોક્ત બાબતે– અરજદાર ના સદર વિજસ્થાપનમાં તા.૨૦.૦૭.૧૬ અને તા.૧૩.૧૦.૧૮ ના રોજ મીટર બદલાવેલ છે. જે અન્વયે સામાવાળા દ્વારા રજુ કરેલ ગ્રાહકના PRT-૧૪૫ મુજબ (અ)તા.૨૦.૦૭.૧૬ અગાઉના ૦૮ બીલ (ડિસે-૧૫ થી જુલાઈ-૧૬) માં પ્રતિમાસ સરેરાશ વપરાશ ૧૬૯૯૫ યુનિટ બતાવે છે.ત્યારબાદ (બ) સદર વિવાદીત મીટરમાં તા. ૩૦.૦૬.૧૭ અગાઉના ૧૧ બીલ (ઓગસ્ટ-૧૬ થી જુન-૧૭) માં પ્રતિમાસ સરેરાશ વપરાશ ૧૬૯૭૧ યુનિટ બતાવે છે. (ક)ત્યારબાદ વિવાદિત સમયગાળામાં તા. ૩૦.૦૬.૧૭ પછીના ૧૬ બીલ (જુલાઈ-૧૭ થી ઓકટો-૧૮) માં પ્રતિમાસ સરેરાશ વપરાશ ૧૩૨૮૧ યુનિટ બતાવે છે. (ડ) તા. ૧૩.૧૦.૧૮ ના રોજ સદર વિવાદિત મીટર બદલ્યા બાદ રેકોર્ડ મુજબ ૦૮ બીલ (નવે-૧૮ થી જુન-૧૯) માં પ્રતિમાસ સરેરાશ વપરાશ ૧૯૮૫૩ યુનિટ બતાવે છે.

૪.૨ અરજદારે સદર કેસમાં અરજ કરી જણાવેલ કે સામાવાળા વીજ કંપની દ્વારા કલમ ૬.૧૫ મુજબ વીજ મીટરની જાળવણી કરવામાં આવેલ નથી તેમજ કલમ નં. ૬.૨૬ મુજબ મીટરને સમયાંતરે ચેક કરવામાં આવેલ નથી. સદર મીટર તા.૨૧–૦૭–૧૬ થી તા.૧૨–૧૦–૧૮ આશરે ૨૭ માસ સુધી ચેક કરેલ નથી. અરજદારનુ સદર વીજ મીટર ફોલ્ટી હોવાને કારણે તા.૨૦–૦૭–૧૬ અને કેબલ બળી જવાને કારણે તા.૧૩–૧૦–૧૮ થી મીટર પીજીવીસીએલ દ્વારા બદલાવેલ છે.

૪.૩ અરજદારની રજૂઆત અન્વયે કલમ ૬.૫૮ મુજબ વીજબીલ બનાવવાની અરજ કરેલ છે, પરંતુ અરજદારના સદર મીટરની ચકાસણી દરમ્યાન તેની ગતિ મર્યાદામાં ઉદ્દભવેલ ક્ષતિના કારણોસર મીટરની એક્યુરેસી ટેસ્ટ મુજબ પ્રાપ્ત થયેલ મીટરની વિગતને ધ્યાને લઈ Supply Code Regulation કલમ ૬.૩૩ મુજબ જ લેબ રીપોર્ટ મુજબ વિવાદીત મીટર – ૪૮.૯૯૩ % ઓછી એનર્જી રેકોર્ડ કરે છે. જેથી, ૦૬ માસ ની મુદત પ્રમાણેપુરવણીબીલ બનાવવુ. અરજદાર ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – વીજવપરાશ ની વિગત નીચે મુજબ છે.

| BILIN PERIOD | CURR-RDG | PAST-RDG | CONSMPTN | MST | BILL-DATE |
|---|---|---|---|---|---|
| JAN,18 BIL FEB,18 | 269812 | 255652 | 14160 | | 18-01-18 |
| FEB,18 BIL MAR,18 | 285439 | 269812 | 15627 | | 19-02-18 |
| MAR,18 BIL APR,18 | 298728 | 285439 | 13289 | | 19-03-18 |
| APR,18 BIL MAY,18 | 313228 | 298728 | 14500 | | 21-04-18 |
| MAY,18 BIL JUN,18 | 324518 | 313228 | 11290 | | 18-05-18 |
| JUN,18 BIL JUL,18 | 339863 | 324518 | 15345 | 181 | 19-06-18 |
| JUL,18 BIL AUG,18 | 353998 | 339863 | 14135 | | 19-07-18 |
| AUG,18 BIL SEP,18 | 369177 | 353998 | 15179 | | 18-08-18 |
| SEP,18 BIL OCT,18 | 380676 | 369177 | 11499 | | 20-09-18 |
| OCT,18 BIL NOV,18 | 389286 /6241 | 380676/5 | 14846 | C | 19-10-18 |



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે – અરજદારને અપાયેલ વીજ પુરવણીબીલ – માહે જુલાઈ–૧૭ થી માહે ઓકટોબર–૧૮ મુજબ – રૂપિયા ૧૨,૪૦,૩૨૫.૫૦/- તથા ડિપીસી રદબાતલ કરીને તા.૨૧–૦૪–૧૮ થી તા.૧૯–૧૦–૧૮ ના સમયગાળા ના વીજવપરાશ ૩૮૯૨૮૬ – ૩૧૩૨૨૮= ૭૬૦૫૮KWh unit, તેમજ મીટર ધીમુ ફરવાની ટકાવારી ૪૮.૯૯૩ % લેખે ૭૬૦૫૮ × ૪૮.૯૯૩ / ૫૧.૦૦૭ =૭૩૦૫૫ KWh unit ના વીજ વપરાશ મુજબ પુરવણી બીલ બનાવવું.

૪.૫ આમ, ઉપરોક્ત અવલોકનોને ધ્યાને લેતાં, તેમજ પેરા નં ૪.૩ અને ૪.૪ ની વિગતે, અરજદારના મીટરની બદલી તા.૧૩.૧૦.૨૦૧૮ ની ચકાસણી અન્વયે પુરવણી બીલ સુધારી અરજદારને દિન ૩૦ માં મોકલી આપવા આદેશ કરવામાં આવે છે. સદર હુકમની અમલવારી અંગેનો અહેવાલ દિન ૬૦ માં અત્રેની કચેરીને મોકલી આપવો.

૪.૬ ઉપરોક્ત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવાનો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

**ફોરમ કમિટી ના ઉપરોક્ત સભ્યોના નિર્ણય સામે સભ્ય (ટેક) શ્રી ની અસમંત હોવા બાબતની નોંધ**

- અરજદાર મે. યુનીક ફોસેટ કંપની દ્વારા કરાયેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે નીચે સહી કરનાર દ્વારા – ફોરમ કમિટી ના બીજા સભ્યોના નિર્ણય સામે અસમંત હોવા બાબત ની નોંધ નીચે મુજબ કરાયેલ છે.

ઉપરોક્ત મુદદા નં. ૪.૪ મા કરાયેલ નિર્ણય ને બદલે – સદર કેઈસ મા, સવાલવાળા મીટર ના MRI ડેટા માં સ્પષ્ટપણે તારીખ:૩૦.૦૬.૨૦૧૭ થી મીટર ધીમું ફરે છે, તેવું ફલીત થયેલ હોય જેથી સવાલ વાળા મીટર અંગે નું ૪૮.૯૯ % નું સ્લોવનેસ નું જુલાઈ ૨૦૧૭ થી ઓકટોમ્બર ૨૦૧૮ સુધી નું પુરવણી બિલ અપાયેલ છે અને તે બીલ ની રકમ ઉપર નો ડી.પી.સી અરજદાર પાસેથી વસુલ કરવો તે કંપનીના નિયમાનુસાર યોગ્ય છે.

(એન. ડી. ધામેલીયા)
સભ્ય (ટેક)
સીજીઆરએફ -રાજકોટ

---

નોંધ:

(૧) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૨.24 મુજબ " ફોરમના તમામ નિર્ણયો બને ત્યાં સુધી સર્વાનુમતે અથવા હાજર સભ્યોની બહુમતી દ્વારા લેવાયેલ નિર્ણય ને આધારે કરાશે. સુનાવણી દરમ્યાન હાજર સભ્ય, બીજા સભ્યોએ લીધેલા નિર્ણય સાથે સહમત ન હોય તો, કારણો સાથે પોતાની અસમંતીની નોંધ કરશે, પરંતુ – કેઈસ ને સાંભળવા બહુમતી સભ્યોએ લીધેલો નિર્ણય પ્રવર્તમાન બનશે."

(૨) સદર કિસ્સા મા, ઉપરોક્ત રેગ્યુલેશન મુજબ – મેમ્બર(ટેક) તરફથી અસમંતીની નોંધ મળતા સ્વતંત્ર (સભ્ય) અને ચેરપર્સનની બહુમતી થી લીધેલ નિર્ણય અમલમાં રહેશે.

(3) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૪) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૫) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot